વંચાણે લીધા :

(૧) ભારત સરકારના ગૃહ મંત્રાલય ઓર્ડર નં.૪૦-૩/૨૦૨૦-ડી.એમ-૧(એ). તા.૩૦/૦૯/૨૦૨૦ થી બહાર પાડેલ માર્ગદર્શિકા.

(૨) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૦૮/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૨૦/૮૭૪/છ.

(૩) કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગરનો તા.૦૭/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: ટીડી/ઇએમઆરએસ/૨૦૨૦/૩૨૬૭/૬૩૭૩

---

<u>તાત્કાલિક/અગત્યનું</u>

ઇ.એમ.આર.એસ/૧૦૨૦૨૧/૨૬/પ,
ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧૧/૦૧/૨૦૨૧

પરિપત્ર :

વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ., ૨૦૦૫ હેઠળ દેશમાં COVID-19ના નિયંત્રણ માટે લોકડાઉનના પગલાને અનુસરીને શાળાઓ ફરી શરૂ કરવા માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ જે મુજબ કન્ટેન્ટમેન્ટ ઝોનની બહાર આવતી પ્રવૃતિઓમાં શાળાઓ પુનઃશરૂ કરવા માટે વંચાણે લીધેલ ક્રમાંક (૨)થી રાજ્યમાં આવેલ તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ધોરણ -૧૦ અને ધોરણ -૧૨ના વર્ગો માટે તા.૧૧/૦૧/૨૦૨૧થી પ્રત્યક્ષ શિક્ષણકાર્ય પુનઃ શરૂ કરવાનું ઠરાવેલ છે. ગુજરાત સરકાર અને ભારત સરકારની સુચનાને ધ્યાને લઇને તા.૧૧/૦૧/૨૦૨૧થી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી હસ્તકની શાળાઓ પુનઃશરૂ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે. જે અન્વયે શાળાઓના શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ નીચે મુજબની સૂચનાઓનં ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧. તા- ૧૧/૦૧/૨૦૨૧થી જી.એસ.ટી.ઇ.એસ. હસ્તકની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન (ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્ય ફરીથી શરૂ કરવામાં આવશે. ઓફલાઈન (ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્યમાં હાજરી આપવી વિદ્યાર્થી માટે સ્વૈચ્છિક રહેશે તથા તે માટે સંબધિત શાળાએ વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી શિક્ષણ વિભાગના ઠરાવમાં આપેલ નમૂનાનું લેખિત સંમતિપત્રક મેળવવાનું રહેશે. જે વિદ્યાર્થીઓ કલાસમાં ન જોડાય તેઓ માટે ઓનલાઈન અભ્યાસની વ્યવસ્થા શાળાઓ દ્વારા કરવાની રહેશે. તેમજ રાજ્ય સરકાર દ્વારા વંદે ગુજરાત ચેનલ અને દુરદર્શન ડી.ડી.ગીરનાર પરથી પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમો જોવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના રહેશે.

૨. જી.એસ.ટી.ઇ.એસ. હસ્તકની શાળામાં COVID-19 ના કારણે માત્ર ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના જ વિદ્યાર્થીઓને શાળાએ બોલવવાના રહેશે.

૩. વિદ્યાર્થીઓની સંખ્યા તથા વિષયની જરૂરિયાત તેમજ જટિલતા ધ્યાને લઇને શાળાઓએ વર્ગ સંખ્યા ગોઠવવાની રહેશે. બે વિદ્યાર્થીઓ વચ્ચે ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ ઓછામાં ઓછું ૬ ફુટનું અંતર જળવાય તે મુજબ વર્ગખંડમાં બેઠક વ્યવસ્થા ગોઠવવાની રહેશે. વર્ગમાં વધુ વિદ્યાર્થીઓ સમાવી શકાય તેમ ન હોય તો એક જ ધોરણના વધારાના વર્ગની વ્યવસ્થા કરવાની રહેશે. તે અંગે તકેદારી શાળાના આચાર્યશ્રીએ રાખવાની રહેશે. વધુમાં, કયા વિષય/અભ્યાસક્રમ માટે કયા પ્રકારની વ્યવસ્થા ગોઠવવાની રહેશે તે અંગેનો નિર્ણય લેવા માટે શાળાના આચાર્યશ્રી સક્ષમ રહેશે.

૪. વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ તમામ કર્મચારીઓએ ફેસ માસ્ક ફરજિયાત રહેશે. અને સતત મોનિટરિંગ દ્વારા કોઈપણ સંક્રમિત અથવા લક્ષણ ધરાવતા વિદ્યાર્થી/શિક્ષક/કર્મચારી શાળા સંકુલમાં ના પ્રવેશે તેની કાળજી સંબધિત સત્તાધિકારીઓએ લેવાની રહેશે.

૫. કન્ટેન્ટમેન્ટ ઝોનમાં રહેતા હોય અથવા પરિવારમાં કોરોના સંક્રમિત કોઇ વ્યકિત હોય તેવી વિદ્યાર્થી કે સ્ટાફ કોઈપણ વ્યકિત શાળામાં હાજર રહી શકશે નહી. કન્ટેન્ટમેન્ટ ઝોનમાં શાળા આવેલી હોય તો શાળા ખોલી શકાશે નહી.

૬. છાત્રાલય રસોડા વિભાગના સ્ટાફ, કર્મચારી અને કામદારોએ ફરજિયાત કોરોના ટેસ્ટ કરાવવાનો રહેશે.

ભારત સરકારની ગાઈડલાઈન્સ મુજબ શાળા અને છાત્રાલયમાં રહેઠાણ અંગે નીચે મુજબ જરુરી સુચનો પાલન કરવાના રહેશે.

- વિદ્યાર્થીઓની પથારીઓ માટે ઓછામાં ઓછું છ-ફૂટનું અંતર જાળવવાનું રહેશે. વિદ્યાર્થીઓને અલગ અલગ રાખવાની વ્યવસ્થા કરવાની રહેશે.
- છાત્રાલયમાં દરેક સમયે સામાજિક/શારીરિક અંતર ફરજિયાતપણે જળવાવું જોઈએ, મહત્વના સ્થળોએ સંકેતો અને સંદેશાઓ દર્શાવવા મહત્વપુર્ણ છે.
- જે વિદ્યાર્થીઓને ઘરે ઓનલાઈન શિક્ષણની કોઈ વ્યવસ્થા નથી અને કોઈપણ મદદ મળતી નથી તેઓને છાત્રાલયમાં પાછા આવવા માટે પ્રાથમિકતા આપી બોલાવવાના રહેશે.
- વિદ્યાર્થી શાળામાં/છાત્રાલયમાં પ્રવેશે એ પહેલા તેઓનું તમામ રીતે સ્ક્રીનિંગ કરવાનું રહેશે. જેઓને રોગના ચિહ્નો ન હોય તેમને જ રહેવા માટે મંજુરી આપવાની રહેશે.
- છાત્રાલયમાં પરિચિત સ્વસ્થ આરોગ્ય ધરાવતા જરુરી કર્મચારી સિવાય તમામ વ્યકિત માટે પ્રવેશ નિષેધ રહેશે.
- છાત્રાલયની નિયમિતપણે સફાઈ કરાવવાની રહેશે અને સંપુર્ણ કેમ્પસને યોગ્ય રીતે સેનેટાઈઝ કરાવવાનું રહેશે.
- જરૂરી પ્રમાણમાં સાબુ, સેનેટાઈઝર, માસ્ક અને થર્મલગનની વ્યવસ્થા કરવાની રહેશે.
- દરેક વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી જરૂરી સંમતિપત્રક મેળવવાના રહેશે. સંમતિપત્રક વગર વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહિ.
- છાત્રાલયમાં કામ કરતા રસોયા/સહાયકે કામ કરતા પહેલા પોતાની અને પરીવારના સભ્યોની આરોગ્ય અંગેની બાહેધરી આપવાની રહેશે..

- સફાઈ, ધોવા, સમારવા, રાંધવા અને ભોજન પીરસતી વખતે માસ્ક ફરજિયાત પહેરવાનું રહેશે.
- દરરોજ રસોડાની જંતુરહિત સફાઈ કરાવવાની રહેશે.
- પીવાના પાણીની અને હાથ ધોવાની જગ્યાએ કોઈ પણ પ્રકારની ગંદકી ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.
- શાળાના શિક્ષકો દ્વારા માર્ગદર્શિકા અનુસાર સુચનાઓને ધ્યાને રાખી વાલીઓ/વિદ્યાર્થીઓને COVID-19 અંતર્ગત જરૂરી માર્ગદર્શન આપવાનું રહેશે.
- શાળામાં સવારની પ્રાર્થના વર્ગખંડમાં જ કરવાની બાબત સુનિશ્ચિત કરવાની રહેશે.
- આ તમામ કાર્યવાહી ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ SOP/માર્ગદર્શિકાની ગાઈડલાઈનને અનુસરીને કરવાની રહેશે.

  (https://www.education.gov.in/sites/upload_files/mhrd/files/SOP_Guidelines_for_reopening_schools.pdf પર માર્ગદર્શિકા ઉપલબ્ધ છે.)
- સરકારશ્રી તરફથી વખતોવખત જે પણ સૂચનાઓ બહાર પાડવામાં આવે તે તમામનું પાલન કરવાનું રહેશે.

ઉપર્યુક્ત તમામ માર્ગદર્શિકાનું પાલન સંબંધિત જિલ્લાના વહીવટી તંત્ર અને શાળાના આચાર્યશ્રી/સંચાલકશ્રી દ્વારા સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઇ વિદ્યાર્થીઓના હિતમાં કરવાનું રહેશે.

(આર.આઇ.ઠક્કર)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

બિડાણ: ઉપર મુજબ

રાજ્યમાં આવેલ તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધો-૧૦ અને ધો-૧૨ના વર્ગો ચાલુ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૦/૮૭૪/છ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૮/૦૧/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) ભારત સરકારના ગૃહ મંત્રાલયના ઓર્ડર નં. 40-3/2020-ડી.એમ.-1 (એ) તા. 30 સપ્ટેમ્બર, 2020 થી બહાર પાડેલ માર્ગદર્શિકા.

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૮/૧૧/૨૦૨૦નો સમાન ક્રમાંકનો ઠરાવ

(3) શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૧/૨૦૨૦નો સમાન ક્રમાંકનો ઠરાવ

(૪) તા.૦૬/૦૧/૨૦૨૧ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠક.

આમુખ:

વંચાણે લીધેલ ક્રમ (૧)ની માર્ગદર્શિકા મુજબ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ હેઠળ દેશમાં કોવિડ-19ના નિયંત્રણ માટે લોકડાઉનના પગલાને અનુસરીને જે બંધ હતું તે ફરીથી શરૂ કરવા માટેની ભારત સરકાર દ્વારા માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે.જે મુજબ કન્ટેનમેન્ટ ઝોનની બહાર મંજૂરી આપવામાં આવતી પ્રવૃત્તિઓમાં ૧૫મી ઓક્ટોબર, ૨૦૨૦ પછી શાળાઓ અને કોચિંગ સંસ્થાઓ ફરીથી ક્રમશઃ ખોલવામાં આવે એવું સૂચન કરવામાં આવેલ. જેના માટે રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ સરકાર સંબંધિત શાળા/સંસ્થા સંચાલકો સાથે પરામર્શ કરી, પરિસ્થિતિના મૂલ્યાંકન આધારિત અને વંચાણે લીધેલ ક્રમ (૨) થી શાળાઓ શરૂ કરવા નિર્ણય લેવામાં આવેલ હતો પરંતુ કોરોના સંક્રમણની પરિસ્થિતિને કારણે વંચાણે લીધેલ ક્રમાંક (3) સામેના ઠરાવથી શાળાઓ શરૂ કરવા અંગેનો નિર્ણય સ્થગીત રાખવામાં આવેલ હતો. ત્યારબાદ તા.૦૬/૦૧/૨૦૨૧ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વર્ગોમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પુનઃ શરૂ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાં આવેલ તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વર્ગો માટે તા.૧૧/૦૧/૨૦૨૧ થી પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પુનઃ શરૂ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

રાજ્યમાં આવેલ તમામ બોર્ડની સરકારી/ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ નીચે મુજબની સુચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૧) તા.૧૧/૦૧/૨૦૨૧થી રાજ્યની તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે ઓફલાઇન(ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્ય ફરીથી શરૂ કરવામાં આવશે. ઓફલાઇન(ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્ય માં હાજરી આપવી વિદ્યાર્થી માટે સ્વૈચ્છિક રહેશે.તથા તે માટે સંબંધીત સંસ્થાએ વિદ્યાર્થીના વાલીઓ પાસેથી આ સાથે સામેલ નમૂનામાં લેખિત સંમતિપત્ર મેળવવાનું રહેશે. જે વિદ્યાર્થીઓ ક્લાસમાં ન જોડાય તેઓ માટે ONLINE અભ્યાસની વ્યવસ્થા શાળાઓ દ્વારા કરવાની રહેશે તેમજ રાજ્ય સરકાર દ્વારા વંદે ગુજરાત ચેનલ અને દૂરદર્શન ડી.ડી. ગિરનાર પરથી પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમો જોવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના રહેશે.

(૨) માત્ર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના જ વિદ્યાર્થીઓને શાળાએ બોલાવવાના રહેશે.

(૩) વિદ્યાર્થીઓની સંખ્યા તથા વિષયની જરૂરીયાત તેમજ જટિલતા ધ્યાને લઈને શાળાઓએ વર્ગ સંખ્યા ગોઠવવાની રહેશે. જેથી બે વિદ્યાર્થીઓ વચ્ચે ભારત સરકારની એસ.ઓ.પી/ માર્ગદર્શિકા પ્રમાણે સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે મુજબ બેઠક વ્યવસ્થા ગોઠવવાની રહેશે. વધુમાં, કયા વિષય/અભ્યાસક્રમ માટે કયા પ્રકારની વ્યવસ્થા ગોઠવવાની રહેશે તે અંગેનો નિર્ણય લેવા માટે શાળાના આચાર્યશ્રી સક્ષમ રહેશે.

(૪) વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ અન્ય તમામ કર્મચારીઓ માટે ફેસ માસ્ક ફરજિયાત રહેશે. અને સતત મોનીટરીંગ દ્વારા કોઇ પણ સંક્રમિત અથવા લક્ષણ ધરાવતા વિદ્યાર્થી/શિક્ષક શાળા સંકુલમાં ના પ્રવેશે તેની કાળજી સંબંધિત સત્તાધિકારીઓએ લેવાની રહેશે.

(૫) કન્ટેન્ટમેન્ટ ઝોનમાં રહેતા હોય તેવા અથવા પરિવારમાં કોરોના સંક્રમિત કોઈ વ્યક્તિ હોય તેવા વિદ્યાર્થી કે સ્ટાફના કોઈપણ વ્યક્તિ શાળામાં હાજર રહી શકશે નહીં. કન્ટેન્મેન્ટ ઝોનના વિસ્તારમાં શાળા હોય તો શાળા ખોલી શકાશે નહીં.

(૬) ભારત સરકારના દ્વારા બહાર પાડવામાં આવેલ SOP માં દર્શાવ્યા મુજબ તમામ સંબધિતો જેવા કે આચાર્ય, શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ, SMC સભ્ય વગેરેના કેપેસીટી બિલ્ડીંગ અંગેની કાર્યવાહી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ(GCERT) અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન(DIET) એ કરવાની રહેશે.

(૭) આ તમામ કાર્યવાહી ભારત સરકારના દ્વારા-બહાર પાડવામાં આવેલ એસ.ઓ.પી/માર્ગદર્શિકાની ગાઇડલાઇનને અનુસરીને કરવાની રહેશે. (www.education.gov.in પર ઓનલાઇન ઉપલબ્ધ છે.)

ઉપર્યુક્ત તમામ માર્ગદર્શિકાનું પાલન સંબંધિત જિલ્લાના વહીવટી તંત્ર અને શાળાના આચાર્યશ્રી/સંચાલકશ્રી દ્વારા સ્થાનિક પરિસ્થિતીને ધ્યાને લઈ વિદ્યાર્થીઓના હિતમાં કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(બી.પી.મેંદપરા)
ઉપ સચિવ.
શિક્ષણ વિભાગ

બિડાણ: વાલી/માતા-પિતાના સંમતિપત્રનો નમુનો

પ્રતિ,

૧. માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)

૨. માન મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

૩. માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

૪. માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી. સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય. ગાંધીનગર.

૫ માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

૬. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુંખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

૭. અધિક મુખ્ય સચિવશ્રી (નાણા)ના અગ્રરહસ્ય સચિવશ્રી, બ્લોક નં. ૪, નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૮. અગ્રસચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૯. સચિવશ્રી(પા.શિ.અનેમા.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય. ગાંધીનગર.

૧૦. નિયામકશ્રી. શાળાઓની કચેરી, બ્લોક-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર.

૧૧. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ. ગાંધીનગર.

૧૨. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨, ગાંધીનગર.

૧૩. સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)

૧૪. સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુ.મા. અને ઉ.મા.શિ બોર્ડ મારફતે)

૧૫. સચિવાલયના સર્વે વિભાગો.

૧૬ વિભાગની સર્વે શાખાઓ.

૧૭. નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.

૧૮. શાખા સિલેક્ટ ફાઇલ.

વાલી/માતા-પિતાનું નામ

______________________

સરનામું______________________

______________________

મો. નં.______________________

તા.______________________

પ્રતિ,

આચાર્યશ્રી,

શાળાનું નામ :______________________

સરનામું:______________________

જિલ્લો:

વિષય: મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે મોકલવા અંગે સંમતિ આપવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કોવિડ-૧૯ની હાલની પરિસ્થિતિમાં સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ S.O.P.(સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર)નું પાલન કરવાની શરતે શાળાઓમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરૂ કરવાનો નિર્ણય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે. મારો પાલ્ય/પુત્ર/પુત્રી (નામ)______________________ આપની શાળામાં ધોરણ-____માં અભ્યાસ કરે છે. મેં S.O.P.માં દર્શાવેલ માતાપિતા/વાલીની ભૂમિકાની વિગતો વાંચેલ છે. મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે મોકલવાની હું સંમતિ આપું છું. મારા પાલ્ય/પુત્ર/પુત્રી દ્વારા સરકારશ્રીની S.O.P. તેમજ કોવિડ-૧૯ અંગેની ગાઈડલાઈન્સનું પાલન કરવામાં આવશે તેની હું બાંહેધરી આપું છું. મારા પાલ્ય/પુત્ર/પુત્રી શાળામાં માસ્ક પહેરીને આવે તેમજ પાણીની બોટલ, નાસ્તો વગેરે ઘરેથી લઈને આવે અને અન્ય સાથે તેની આપ-લે ન કરે તે અંગે તેમને અમોએ સમજ આપેલ છે. મારા પરિવારમાં કોઈ વ્યક્તિ કોરોના સંક્રમિત હશે તો તેમજ મારું નિવાસ સ્થાન કન્ટેન્મેન્ટ ઝોનમાં આવતું હશે તો હું મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં નહિ મોકલું તેની ખાત્રી આપું છું.

આપનો વિશ્વાસુ

(સહી)

(નામ)

વંચાણે લીધા:

(૧) ભારત સરકારના ગૃહ મંત્રાલયના ઓર્ડરનં.૪૦-૩/૨૦૨૦-ડી.એમ-૧(એ), તા.૩૦/૦૯/૨૦૨૦ થી બહાર પાડેલ માર્ગદર્શિકા.

(૨) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૧૩/૧૧/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧

(૩) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૧૮/૧૧/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૨૦/૮૭૪/છ

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૯/૧૧/૨૦૨૦ નો પરિપત્ર નં.વિજાક/આનિશા/૨૦૨૦-૨૧/૧૫૧૮-૧૫૮૩

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૧/૧૧/૨૦૨૦ નો પત્ર ક્રમાંક : વિજાક/આનિશા/સ.છા./૨૦૨૦-૨૧/૧૫૮૬-૧૬૧૭

(૬) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૮/૧/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૨૦/૮૭૪/છ

---

નં.વિજાક/આનિશા/૨૦૨૦-૨૧/[illegible]

નિયામક વિકસતી જાતિ કલ્યાણ

૪/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર

તા-૮/૦૧/૨૦૨૧

પરિપત્ર :

વંચાણ (૧) થી લીધેલ માર્ગદર્શિકા મુજબ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ હેઠળ દેશમાં COVID-૧૯ ના નિયંત્રણ માટે લોક ડાઉનના પગલાને અનુસરીને શાળાઓ/કોલેજો ફરી શરૂ કરવા માટે ભારત સરકાર દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ. જે મુજબ કન્ટેનમેન્ટ ઝોનની બહાર આવતી પ્રવૃતિઓમાં રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વંચાણ (૨) અને (૩) થી તા.૨૩/૧૧/૨૦૨૦ થી પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પુન: શરૂ કરવા ઠરાવેલ હતુ. જે અન્વયે નિયામક વિકસતી જાતિ કલ્યાણના વંચાણના (૪) ના પરિપત્રથી આ ખાતા હેઠળની તમામ આદર્શ નિવાસી શાળાઓમાં તમામ સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ શિક્ષણ વિભાગના ઠરાવ અને યુ.જી.સીની તા.૫/૧૧/૨૦૨૦ ની ગાઈડલાઈન મુજબ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવેલ હતું. પરંતુ, જે-તે સમયે કોરોના મહામારીને કારણે ઉદભવેલ પરિસ્થિતિને ધ્યાને રાખી નિયામક વિકસતી જાતિ કલ્યાણના વંચાણ (૫) પત્રથી આદર્શ નિવાસી શાળાઓ શરૂ ન કરવા જણાવેલ હતું.

શિક્ષણ વિભાગના વંચાણ (૬) ના ઠરાવથી સરકારશ્રી દ્વારા રાજ્યમા આવેલ તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ધો-૧૦ અને ધો.૧૨ના વર્ગો માટે તા.૧૧/૦૧/૨૦૨૧ થી પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પુન: શરુ કરવા ઠરાવેલ છે તથા શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ તથા

વિદ્યાર્થીઓએ સદર ઠરાવ મુજબની SOP નું ચુસ્તપણે પાલન કરવા જણાવેલ છે. જેનો અમલ કરી તે મુજબ અત્રેના ખાતા હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં ધો.૧૦ અને ધો.૧૨ નું પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ કરવા જણાવવામાં આવે છે. તેમજ નિયામક વિકસતી જાતિ કલ્યાણના વંચાણના (૪) ના પરિપત્રથી આપેલ સૂચનાઓનુ તેમજ તેની સાથે સામેલ SOP નું પાલન કરવા પણ જણાવવામાં આવે છે.

તે ઉપરાંત આદર્શ નિવાસી શાળામાં કોવિડ-૧૯ ના કારણે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના જ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ (ઓફલાઈન) શિક્ષણકાર્ય માટે પ્રવેશ આપવાનો રહેશે. વર્ગમાં વધુ વિદ્યાર્થીઓ સમાવી શકાય તેમ ન હોય તો એક જ ધોરણના વધારાના વર્ગની વ્યવસ્થા કરવાની રહેશે. વધુમાં, ક્યાં વિષય અભ્યાસક્રમ માટે ક્યાં પ્રકારની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તે અંગેનો નિર્ણય શાળાના આચાર્યશ્રીએ તેમજ જિલ્લા અધિકારીશ્રીઓએ કરવાનો રહેશે. દરેક વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી નિયત કરેલ જરૂરી સમંતિ પત્રક મેળવવાના રહેશે. વાલીઓની સંમતિપત્ર સિવાય વિદ્યાર્થીને શાળામાં પ્રવેશ આપી શકાશે નહીં. ભારત સરકારના દ્વારા બહાર પાડવામાં આવેલ SOPમાં દર્શાવ્યા મુજબ તમામ સંબંધિતો જેવા કે આચાર્ય, શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ, SMC સભ્ય વગેરેના કેપેસીટી બિલ્ડીંગ અંગેની કાર્યવાહી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) અને જિલ્લા શિક્ષણઅને તાલીમ ભવન (DIET) એ કરવાની થતી હોય તેમના સંકલનમાં રહી આગળની કાર્યવાહી કરવી.

સરકારશ્રી તરફથી વખતોવખત જે પણ સૂચનાઓ બહાર પાડવામાં આવે તે તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. નિયામક વિકસતી જાતિ કલ્યાણના વંચાણના (૪) થી આપેલ સૂચનાઓ અન્વયે આદર્શ નિવાસી શાળાઓમાં કરવામાં આવેલ જરૂરી આયોજનની નકલ સંબધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) એ અત્રે મોકલી આપવાની રહેશે. શાળાનો દૈનિક અહેવાલ અને પરિસ્થિતિજન્ય બાબત અંગે સંબધિત શાળાના આચાર્યશ્રીએ જિલ્લાના નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) ના સતત પરામર્શમાં રહેવાનું રહેશે. શાળા શરૂ કર્યા બાદ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને અહેવાલ મોકલી આપવાનો રહેશે.

બિડાણ : ઉપર મુજબ

( એન.એ.નિનામા IAS )
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ

૧) જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ (વિ.જા.)......................જિ......................

૨) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (વિ.જા.)......................જિ......................

૩) આચાર્યશ્રી, આદર્શ નિવાસી શાળા, (વિ.જા)................જિ..........................

**નકલ સવિનય રવાના :**

અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારું.

c:\users\dell\desktop\sop anisha.docx

વંચાણે લીધા:

(૧) ભારત સરકારના ગૃહ મંત્રાલયના ઓર્ડરનં.૪૦-૩/૨૦૨૦-ડીએમ-૧(એ), તા-૩૦/૦૯/૨૦૨૦ થી બહાર પાડેલ માર્ગદર્શિકા.

(૨) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા. ૧૮/૧૧/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૨૦/૮૭૪/છ

(૩) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા. ૦૮/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૨૦/૮૭૪/છ

(૪) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા. ૦૭/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક : કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧

---

તાત્કાલિક/અગત્યનું

ન.અજાક/ગ-૧/શિક્ષણ/૨૦૨૧/૨૬૧-૩૦૮
નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા-૦૮/ ૦૧ /૨૦૨૧

પરિપત્ર :

વંચાણ (૧) થી લીધેલ માર્ગદર્શિકા મુજબ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ હેઠળ દેશમાં COVID-19ના નિયંત્રણ માટે લોકડાઉનના પગલાને અનુસરીને શાળાઓ ફરી શરૂ કરવા માટે ભારત સરકાર દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ જે મુજબ કન્ટેનમેન્ટ ઝોનની બહાર આવતી પ્રવૃતિઓમાં શાળાઓ પુન: શરૂ કરવા માટે વંચાણ(૨) થી રાજયની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પુન: શરૂ કરવા ઠરાવેલ. પરંતુ જે - તે સમયે કોરોના મહામારીના કારણે ઉદભવેલ પરિસ્થિતિને ધ્યાને રાખી રાજ્યની શાળા / કોલેજો પુન: શરૂ કરવાનો નિર્ણય સ્થગિત રાખવામાં આવેલ હતો. વંચાણ (૩)થી નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાઓ તા. ૧૧/૦૧/૨૦૨૧થી પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પુન: શરૂ કરવામાં આવે છે. જે અન્વયે શાળાઓના શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

1. તા- ૧૧/૦૧/૨૦૨૧થી તમામ આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ઓફ લાઈન(ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્ય ફરીથી શરૂ કરવામાં આવશે. ઓફ લાઈન(ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્યમાં હાજરી આપવી વિદ્યાર્થી માટે સ્વૈચ્છિક રહેશે તથા તે માટે સંબધિત શાળાએ વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી શિક્ષણવિભાગના ઠરાવમાં આપેલ નમુનાનું લેખિત સંમતિપત્રક મેળવવાનું રહેશે. જે વિદ્યાર્થીઓ કલાસમાં ન જોડાય તેઓ માટે ઓન લાઈન અભ્યાસની વ્યવસ્થા શાળાઓ દ્વારા કરવાની રહેશે. તેમજ રાજ્ય સરકાર દ્વારા વંદે ગુજરાત ચેનલ અને દુરદર્શન ડી.ડી.ગીરનાર પરથી પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમો જોવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના રહેશે.

2. આદર્શ નિવાસી શાળામાં કોવિડ - ૧૯ના કારણે માત્ર ધોરણ. ૧૦ અને ધોરણ. ૧૨ના જ વિદ્યાર્થીઓને શાળાએ બોલવવાના રહેશે.
3. વિદ્યાર્થીઓની સંખ્યા તથા વિષયની જરૂરિયાત તેમજ જટિલતા ધ્યાને લઈને શાળાઓએ વર્ગ સંખ્યા ગોઠવવાની રહેશે. બે વિદ્યાર્થીઓ વચ્ચે ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ ઓછામાં ઓછું છ ફુટનું અંતર જળવાય તે મુજબ વર્ગખંડમાં બેઠક વ્યવસ્થા ગોઠવવાની રહેશે. વર્ગમાં વધુ વિદ્યાર્થીઓ સમાવી શકાય તેમ ન હોય તો એક જ ધોરણના વધારાના વર્ગની વ્યવસ્થા કરવાની રહેશે. તે અંગે તકેદારી શાળાના આચાર્યશ્રીએ રાખવાની રહેશે. વધુમાં, કયા વિષય/અભ્યાસક્રમ માટે કયા પ્રકારની વ્યવસ્થા ગોઠવવાની રહેશે તે અંગેનો નિર્ણય લેવા માટે શાળાના આચાર્યશ્રી સક્ષમ રહેશે.
4. વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ તમામ કર્મચારીઓએ ફેસ માસ્ક ફરજિયાત રહેશે. અને સતત મોનિટરિંગ દ્વારા કોઈપણ સંક્રમિત અથવા લક્ષણ ધરાવતા વિદ્યાર્થી/શિક્ષક શાળા સંકુલમાં ના પ્રવેશે તેની કાળજી સંબધિત સત્તાધિકારીઓએ લેવાની રહેશે.
5. કન્ટેન્ટમેન્ટ ઝોનમાં રહેતા હોય અથવા પરિવારમાં કોરોના સંક્રમિત કોઇ વ્યકિત હોય તેવા વિદ્યાર્થી કે સ્ટાફ કોઈપણ વ્યકિત શાળામાં હાજર રહી શકશે નહી. કન્ટેન્ટમેન્ટ ઝોનમાં શાળા આવેલી હોય તો શાળા ખોલી શકાશે નહી.
6. છાત્રાલય રસોડા વિભાગના સ્ટાફ, કર્મચારી અને કામદારોએ ફરજિયાત કોરોના ટેસ્ટ કરાવવાનો રહેશે.

ભારત સરકારની ગાઈડલાઈન્સ મુજબ શાળા અને છાત્રાલયમાં રહેઠાણ અંગે નીચે મુજબ જરુરી સુચનો પાલન કરવાના રહેશે.

- વિદ્યાર્થીઓની પથારીઓ માટે ઓછામાં ઓછું છ-ફુટનું અંતર જાળવવાનું રહેશે. વિદ્યાર્થીઓને અલગ-અલગ રાખવાની વ્યવસ્થા કરવાની રહેશે.
- છાત્રાલયમાં દરેક સમયે સામાજિક/શારીરિક અંતર ફરજિયાત પણે જળવાવું જોઇએ. મહત્વના સ્થળોએ સંકેતો અને સંદેશાઓ દર્શાવવા મહત્વપુર્ણ છે.
- જે વિદ્યાર્થીઓને ઘરે ઓનલાઇન શિક્ષણની કોઇ વ્યવસ્થા નથી અને કોઈપણ મદદ મળતી નથી તેઓને છાત્રાલયમાં પાછા આવવા માટે પ્રાથમિકતા આપી બોલાવવાના રહેશે.
- વિદ્યાર્થી શાળામાં/છાત્રાલયમાં પ્રવેશે એ પહેલા તેઓનું તમામ રીતે સ્ક્રીનિંગ કરવાનું રહેશે. જ્યોને રોગના ચિહ્નો ન હોય તેમને જ રહેવા માટે મંજુરી આપવાની રહેશે.
- છાત્રાલયમાં પરિચિત સ્વસ્થ આરોગ્ય ધરાવતા જરુરી કર્મચારી સિવાય તમામ વ્યકિત માટે પ્રવેશ નિષેધ રહેશે.
- છાત્રાલયની નિયમિત પણે સફાઈ કરાવવાની રહેશે.જ અને સંપુર્ણ કેમ્પસને યોગ્ય રીતે સેનેટાઇઝ કરાવવાનું રહેશે.

- જરૂરી પ્રમાણમાં સાબુ, સેનેટાઈઝર, માસ્ક અને થર્મલ ગનની વ્યવસ્થા કરવાની રહેશે.
- દરેક વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી જરૂરી સંમતિ પત્રક મેળવવાના રહેશે. સંમતિપત્રક વગર વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહિ.
- છાત્રાલય માં કામ કરતા રસોયા/સહાયકે કામ કરતા પહેલા પોતાની અને પરિવારના સભ્યોની આરોગ્ય અંગેની બાહેધરી આપવાની રહેશે.
- સફાઈ, ધોવા,સમારવા,રાંધવા, અને ભોજન પીરસતી વખતે માસ્ક ફરજિયાત પહેરવાનું રહેશે.
- દરરોજ રસોડાની જંતુરહિત સફાઈ કરાવવાની રહેશે.
- પીવાના પાણીની અને હાથ ધોવાની જગ્યાએ કોઈ પણ પ્રકારની ગંદકી ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.
- શાળાના શિક્ષકો દ્વારા માર્ગદર્શિકા અનુસાર સુચનાઓને ધ્યાને રાખી વાલીઓ/વિદ્યાર્થીઓને COVID-19 અંતર્ગત જરૂરી માર્ગદર્શન આપવાનું રહેશે.
- શાળામાં સવારની પ્રાર્થના વર્ગખંડમાં જ કરવા સુનિશ્ચિત કરીશું.
- આ સામેલ SOP મુજબ અમલીકરણ કરવાનું રહેશે.
- આ તમામ કાર્યવાહી ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ SOP/માર્ગદર્શિકાની ગાઈડલાઈનને અનુસરીને કરવાની રહેશે.( www.education.gov.inપર માર્ગદર્શિકા ઉપલબ્ધ છે.)

સરકારશ્રી તરફથી વખતોવખત જે પણ સૂચનાઓ બહાર પાડવામાં આવે તે તમામનું પાલન કરવાનું રહેશે. ઉકત સૂચનાઓ અંગે શાળા દ્વારા કરવામાં આવેલ જરૂરી આયોજનની નકલ સંબધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી મારફત અત્રે મોકલી આપવાની રહેશે. શાળાનો દૈનિક અહેવાલ અને પરિસ્થિતિજન્ય બાબત અંગે સંબધિત જિલ્લાના નાયબ નિયામકશ્રીના સતત પરામર્શમાં રહેવાનું રહેશે.

બિડાણ : ઉપર મુજબ

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના :</u>

૧) અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને જાણ સારૂ.

<u>નકલ રવાના:</u>

૧) સંબધિત નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ(તમામ) જાણ તેમજ જરુરી કાર્યવાહી સારુ

૨) સંબધિત આચાર્યશ્રી, આદર્શ નિવાસી શાળા,અનુસૂચિત જાતિ કલ્યાણ(તમામ)ને જરુરી કાર્યવાહી સારુ

નં.વિજાક/છતલ/૨૦૨૦-૨૧/૫
નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં.૪/૩, ડાં.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.
e-mail : dire_dcw@ gujarat.gov.in
તારીખઃ- ૧૧/૦૧/૨૦૨૧

પરિપત્રઃ-

વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના જિલ્લા નાયબ નિયામકશ્રી અને સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ તમામને આથી જણાવવામાં આવે છે કે, કોવિડ-૧૯ (મહામારી)ને કારણે માર્ચ-૨૦૨૦ થી રાજ્યમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓનું શિક્ષણ કાર્ય બંધ કરવામાં આવેલ હતું. સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૭/૦૧/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક : કરન/ ૧૦૨૦૨૦/ ૦૯૦૫૨૦૨૦/ ખ-૧ (નકલ સામેલ છે) તથા તા.૦૮/૦૧/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક : મશબ/ ૧૨૨૦/ ૮૭૪/ છ (નકલ સામેલ છે) દ્વારા જાહેર કરવામાં આવેલ સુચના મુજબ તા.૧૧/૦૧/૨૦૨૧ થી શિક્ષણ વિભાગના S.O.P. મુજબ શિક્ષણ કાર્ય શરૂ કરવાનું થાય છે. જે ધ્યાને લેતાં, ઉકત તારીખથી રાજયમાં શૈક્ષણિક સંસ્થાઓ શરૂ થનાર છે, આ બાબત ધ્યાને લેતાં, રાજયમાં આવેલ વિકસતી જાતિ કલ્યાણ ખાતાના નિયંત્રણ હેઠળના ગ્રાન્ટ ઇન-એઇડ છાત્રાલયો પણ શરૂ કરવાના થશે. જેથી સંસ્થાએ છાત્રાલયનું મકાન ખાસ કરીને, છાત્ર નિવાસ, ભોજનાલય, લોબી, સંડાસ-બાથરૂમ વગેરે સાફ-સફાઇ કરાવીને, સેનેટાઇઝ કરવા અંગેનું અગાઉથી આયોજન કરવાનું રહેશે, નીચે જણાવેલ સૂચનાઓનું સંસ્થાએ ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૧) ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય શરૂ થાય તે પહેલા છાત્રાલયનું સમગ્ર મકાન, રૂમો, કેમ્પસ સંડાસ-બાથરૂમ, ચોકડી, લોબી વગેરે સંપૂર્ણ યોગ્ય રીતે સેનીટાઇઝ થાય તે સુનિશ્ચિત કરવું.

(૨) છાત્રાઓને પર્યાપ્ત અને સ્વચ્છ પાગરણની સુવિધાઓ મળી રહે તે અંગે અગાઉથી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવાની રહેશે.

(૩) ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં ધોરણ ૧૦ અને ૧૨ ના અને જે છાત્રાલય કોલેજ કક્ષાની માન્યતા ધરાવતા હોય તેઓ પ્રથમ તબક્કામાં પી.જી., પી.એચ.ડી., એમ.ફીલ. વગેરે મેડીકલ/પેરા મેડીકલના તમામ તથા અન્ય સ્નાતક અભ્યાસક્રમો (ટેકનિકલ/નોન ટેકનિકલ તમામ) ના ફકત આખરી વર્ષના વિદ્યાર્થીઓને છાત્રાલયોમાં પ્રવેશ આપવાનો રહેશે. તેમજ ભૌતિક સુવિધા જળવાય અને સામાજિક અંતર ઓછામાં ઓછુ ૬ ફૂટનું અંતર જળવાય તે રીતે છાત્રોની રહેવાની વ્યવસ્થા કરવાની રહેશે અને આ અંગેની જવાબદારી સ્વૈચ્છિક સંસ્થાઓની રહેશે.

(૪) છાત્રો કોરોનાની મહામારીનો ભોગ ન બને અને સંક્રમિત ન થાય, તે માટે છાત્રાલયના સ્થળ પર ટેમ્પરેચરગન, ઓક્સીમીટર અને સેનેટાઇઝરની વ્યવસ્થા કરાવવાની રહેશે. સરકારી

દવાખાના, સામૂહિક, આરોગ્ય કેન્દ્ર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરાવવાની જવાબદારી સ્વૈચ્છિક સંસ્થાની રહેશે, તેમજ કોઇ છાત્ર સંક્રમિત થયેલ હોય તો તે અંગેની જાણ સંબંધિત વાલીને કરવાની જવાબદારી સંસ્થાની રહેશે.

(૫) પાગરણ સાફ સૂફ અને સ્વચ્છ હોવું જોઇએ.

(૬) દરેક છાત્રો/છાત્રાઓએ તથા કર્મચારીઓએ માસ્ક પહેરવું ફરજિયાત રહેશે. તેમજ ટેમ્પરેચર ગનથી તાપમાન તથા ઓક્સીમીટરથી ઓક્સીજનનું પ્રમાણ ચેકઅપ કર્યાબાદ જ પ્રવેશ આપવાનો રહેશે.

(૭) દરેક છાત્રો/છાત્રાઓ તથા બિન શૈક્ષણિક સ્ટાફે ૬ ફૂટનું અંતર જાળવવાનું રહેશે. કર્મચારી, છાત્રોકે અન્ય કોઇ કર્મચારીગણને કોરોનાના લક્ષણ જણાય તો સત્વરે ઉપચાર અર્થે મોકલવાની વ્યવસ્થા કરવાની રહેશે અને તે સ્થળે સેનેટાઇઝનો છંટકાવ કરવાનો રહેશે.

(૮) સરકારશ્રી દ્વારા જાહેર કરેલ કન્ટેનમેન્ટ ઝોનમાંથી આવતા છાત્રા/છાત્રોએ છાત્રાલયમાં આવવાનું રહેશે નહીં. તેમજ કન્ટેનમેન્ટ ઝોનમાં આવેલ છાત્રાલય ખોલવાના રહેશે નહી.

(૯) છાત્રાલયમાં પ્રવેશ માટે આ સાથે સામેલ નિયત નમુનામાં જે તે છાત્ર/છાત્રાના વાલીનું સંમતિપત્ર મેળવ્યા બાદ જ પ્રવેશ આપવાનો રહેશે.

(૧૦) છાત્રાલયમાં રોજે-રોજ પુરતી સાફ-સફાઇ થાય તે અંગેની જે તે સંસ્થાએ પુરતી કાળજી રાખવાની રહેશે.

(૧૧) આ સંદર્ભે નિયત થયેલ S.O.P. નું સંપૂર્ણ પણે પાલન કરવા/કરાવવાની જવાબદારી જે તે સ્વૈચ્છિક સંસ્થા તેમજ સંબંધિત જિલ્લા અધિકારીશ્રીની રહેશે.

(૧૨) સરકારશ્રી ધ્વારા આપેલ માર્ગદર્શિકાનું સંપૂર્ણ રીતે પાલન કરી છાત્રોને પ્રવેશ આપવાનો રહેશે.

(૧૩) ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયમાં ધોરણ ૧૦ અને ૧૨ ના જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો તેમજ આપેલ વિદ્યાર્થીઓની એન્ટ્રી Online MIS Portal પર પણ કરવી / કરાવવી. જે અંગેની જવાબદારી સંસ્થાઓ અને જિલ્લા અધિકારીશ્રીઓની રહેશે.

(૧૪) છાત્ર/છાત્રાઓની વચ્ચે સોશિયલ ડીસ્ટન્સ રાખવાની જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

(૧૫) સ્વૈચ્છિક સંસ્થાઓએ સંબંધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી / સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) ના સતત પરામર્શમાં રહેવાનું રહેશે.

(૧૬) સરકારશ્રી તરફથી વખોતવખત જે સુચનાઓ બહાર પાડવામાં આવે તે અંગેની તમામ સુચનાઓનું પાલન સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ જિલ્લા અધિકારીશ્રીઓને કરવાનું રહેશે.

(૧૭) પ્રથમ દિવસે છાત્રાલયમાં આવનાર વિદ્યાર્થીઓનું સ્વાગત કરવાનું રહેશે તથા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે Wel-Come Kit આપવાની રહેશે. આ Wel-Come Kit માં કોરોના સામે રક્ષણ

આપનાર માસ્ક, સેનેટાઇઝર વિગેરે વસ્તુઓ આપવાની રહેશે, જે સંસ્થાઓ ધ્વારા આપવાની રહેશે.

(૧૮) જિલ્લા અધિકારીશ્રીઓ ધ્વારા ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયની મુલાકાત લઇ, સરકારશ્રીની સુચનાઓ અને **S.O.P.** નું ચુસ્તપણે પાલન કરાવવામાં આવે છે કે કેમ ? તે અંગેની જાણ વડી કચેરી, ગાંધીનગર ખાતે કરવાની રહેશે.

આમ, જે તે સ્વૈચ્છિક સંસ્થાના સંચાલકશ્રી, વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફગણ, કર્મચારીઓને આ બાબતે યોગ્ય જાણ કરી જરૂરી, પુરેપુરું સમજ પડે તે રીતે માર્ગદર્શન આપવાનું અને આપના જિલ્લા હસ્તકની સ્વૈચ્છિક સંસ્થાઓને આપની કક્ષાએથી જરૂરી જાણ તેમજ અમલવારી કરાવવાની રહેશે. તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓએ સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ તેમજ **S.O.P.** નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

બિડાણ:(૧) ગ્રા.ઇ.એ.છાત્રાલયની **S.O.P.**

(૨) શિક્ષણ વિભાગની **S.O.P.**

(૩) ભારત સરકારશ્રીની **S.O.P.**

(૪) ગ્રા.ઇ.એ.છાત્રાલયમાં પ્રવેશ આપવા માટે વાલીનું સંમતિપત્ર

(એન.એ.નિનામા IAS)
નિયામક,
વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ

(૧) જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા), તમામ

(૨) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા),તમામ

<u>નકલ સવિનય રવાના :</u>

અધિક મુખ્ય સચિવશ્રી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારૂ.

# ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયમાં પ્રવેશ આપવા માટે વાલીનું સંમતિપત્ર

વાલી/માતા-પિતાનું નામ

...........................................

સરનામું-...................................

મો.નં. .......................................

તા. ........................................

પ્રતિ,

પ્રમુખશ્રી/મંત્રીશ્રી/મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,

.........................................................

.........................................................

.........................................................

વિષયઃ- મારા પાલ્ય/પુત્ર/પુત્રીને ................................................ છાત્રાલય, મુ..................., તા.................., જિ.................. માં પ્રવેશ મેળવવા અંગે સંમતિ આપવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કોવિડ-૧૯ની હાલની પરિસ્થિતિમાં સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ **S.O.P.** (સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસિઝર)નું પાલન કરવાની શરતે શાળા/કોલેજોમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરૂ કરવાનો નિર્ણય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે. મારો પાલ્ય/ પુત્ર/ પુત્રીને........................................................................ આપની ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય, મુ..................., તા.................., જિ................ માં રહી શાળા/ કોલેજમાં અભ્યાસ કરે છે. મેં S.O.P.માં દર્શાવેલ માતા/ પિતા/ વાલીની ભૂમિકાની વિગતો વાંચેલ છે. મારા પાલ્ય/ પુત્ર/ પુત્રીને શાળા/ કોલેજના પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે આપની છાત્રાલયમાં મોકલવાની હું સંમતિ આપું છું. મારા પાલ્ય/ પુત્ર/ પુત્રી દ્વારા ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય રહેઠાણ દરમ્યાન સરકારશ્રીની **S.O.P.** તેમજ કોવિડ-૧૯ અંગેની ગાઇડલાઇન્સનું સંપૂર્ણ પણે પાલન કરવામાં આવશે તેની હું બાંહેધરી આપું છું. મારા પાલ્ય/પુત્ર/પુત્રી છાત્રાલયમાં માસ્ક પહેરીને રહેશે. અને છાત્રાલયમાં રહેઠાણ દરમિયાન પોતાની અંગત વપરાશની ચીજ-વસ્તુઓ લઇને આવે અને છાત્રાલયમાં અન્ય વિદ્યાર્થીઓ સાથે તેની આપ લે ન કરે તે અંગે તેમને અમોએ સમજ આપેલ છે. મારા પરિવારમાં કોઇ વ્યક્તિ કોરોના સંક્રમિત હશે તો, તેમજ મારૂં નિવાસસ્થાન કન્ટેન્મેન્ટ ઝોનમાં આવતું હશે તો હું મારા પાલ્ય/પુત્ર/પુત્રીને છાત્રાલયમાં નહી મોકલું તેમજ છાત્રાલય શરૂ થાય ત્યારે છાત્રાલયમાં મોકલતા પહેલા તેની આરોગ્યની ચકાસણી કરી છાત્રાલયમાં મોકલવાની ખાત્રી આપું છું.

આપનો વિશ્વાસુ

(સહી)

(નામ)